વડોદરામાં આભ ફાટ્યું

છ કલાકમાં ૧૮ ઇંચ વરસાદ, જનજીવન ખોરવાઈ ગયું : વડોદરામાં સ્કુલ કોલેજોમાં રજા જાહેર કરવાની ફરજ પડી : કલાકોમાં ૧૮ ઇંચ વરસાદ પડતાં કમર સુધીના પાણી ભરાયા સોસાયટીઓ પાણીમાં : ટ્રેનો ડાયવર્ટ થઈ : વિશ્વામિત્રી નદી ભયજનક સપાટીની નજીક છે

અમદાવાદ, તા.૩૧

વડોદરામાં કલાકોના ગાળામાં જ ૧૦ ઈંચથી વધુ વરસાદ થતાં જનજીવન સંપૂર્ણ ઠપ

ગાળામાં જ ૧૦ ઈંચથી વધુ વરસાદ પડતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. વડોદરામાં આભ ફાટતા ચાર કલાકના ગાળામાં જ ૧૦ ઈંચથી વધુ વરસાદ થતાં જનજીવન સંપૂર્ણ ઠપ થઇ ગયું હતું. વિશ્વામિત્રી નદી ભયજનક સપાટી ઉપર પહોંચી ગઈ હતી. વરસાદના પગલે આવતીકાલે ખાનગી અને સરકારી સ્કુલોમાં રજા જાહેર કરવામાં આવી છે. વડોદરા જતી અનેક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. વડોદરાના અનેક વિસ્તારોમાં કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. સોસાયટીઓમાં પાણી ઘુસી ગયા હતા. રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા. વડોદરામાં આજે બપોર બાદ આફ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બપોરે બેથી ચાર વાગ્યા વચ્ચે એટલે કે બે કલાકમાં છ ઈંચ અને ત્યારબાદ ચારથી છ વાગ્યા વચ્ચે વધુ ચાર ઈંચ વરસાદ થતાં ચાર કલાકના ટુંકાગાળામાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. વિશ્વામિત્રી નદીની સપાટી ભયજનક સ્તરે પહોંચી છે. ભયજનક સપાટી વિશ્વામિત્રી નદીમાં ૨૨ ફૂટ ઉપર છે જ્યારે હાલમાં સપાટી ૨૦ ફૂટ ઉપર પહોંચી હતી જેથી લોકોના જીવ ઉંચા થઇ ગયા છે. સ્કુલ કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો વધુ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આજે સવારથી જ જોરદાર માહોલ જામ્યા બાદ વડોદરામાં બપોર બાદ હાલત કફોડી થઇ હતી. વડોદરામાં આજે ચાર કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં આખુ વડોદરા જાણે જળમગ્ન બની ગયુ હતુ. ન્યાયમંદિર, પાણીગેટ, સ્ટેશન વિસ્તાર, સયાજીગંજ, અલકાપુરી, જેતલપુર, રાવપુરા, અકોટા, જેલ રોડ સહિતના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વડોદરામાં કેટલાક વિસ્તારોમાં તો પાંચથી છ ફુટ સુધીના ઉંડા પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રિ-મોન્સુન પ્લાનની ધજ્જિયાં ઉડી ગઈ હતી. નીચાણવાળા વિસ્તારો તો જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા. કેટલાક વિસ્તારોમાં વૃક્ષો, થાંભલા અને દિવાલો ધરાશયી થવાના છૂટાછવાયા બનાવો પણ સામે આવ્યા હતા, જેમાં પાંચથી વધુ લોકોને બચાવી લેવાયા હતા. જો કે, બે-અઢી કલાકમાં છ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં વડોદરામાં સર્વત્ર પાણી જ પાણી જોવા મળતુ હતુ, જેને લઇ વડોદરા મનપા સત્તાધીશો પર માછલા ધોવાયા હતા. પાદરામાં પણ ભારે વરસાદના કારણે લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ભરાયા હતા.

તો, દક્ષિણ ગુજરાતમાં પણ સુરત, કામરેજ, પલસાણા, માંડવી, નવસારી, ડાંગ, ભરૂચ, અંકલેશ્વર સહિતના પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. સુરતમાં ભારે વરસાદના કારણે તાપી નદી બે કાંઠી વહી રહી હતી. તો કીમ નદી પણ વરસાદી નીરના કારણે બે કાંઠે વહેતી થઇ હતી. જેના કારણે કાંઠાના વિસ્તારના લોકોને એલર્ટ કરી દેવાયા હતા. માંડવીના કાંકરાપોર ડેમ પણ નવા નીરના કારણે ઓવરફલો થયો હતો. નવસારીની અંબિકા નદી નવા નીરની આવક થતાં ભયજનક સપાટીએ વહેતાં તંત્રએ કિનારાના અને આસપાસના વિસ્તારના લોકોને એલર્ટ કર્યા હતા અને અગમચેતીના ભાગરૂપે સલામત સ્થળે ખસેડયા હતા. ઓઝત-૨ ડેમ પણ ઓવરફલો થતાં તેના દરવાજા ખોલવામાં આવતાં કિનારાના ગામોને એલર્ટ કરાયા હતા. આ જ પ્રકારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો, કચ્છના અનેક ગામડા અને પંથકોમાં પણ સારી એવી મેઘમહેર જારી રહી હતી. જેના કારણે કચ્છ-ભુજ,

ગાંધીધામના અનેક પંથકો અને વિસ્તારો ત્રણથી ચાર ફુટ પાણીમાં ગરકાવ બન્યા હતા. તો, ઉત્તર ગુજરાતમાં પણ મેઘરાજાએ સાર્વત્રિક વરસાદની કૃપા ચાલુ રાખી હતી. જેના કારણે ખેડૂતઆલમમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

વડોદરા શહેરમાં વિજળી પુરવઠો પણ ખોરવાયો...

વડોદરામાં આજે કલાકોના ગાળામાં જ ૧૧ ઈંચથી વધુ વરસાદ પડી ગયો હતો જેના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ભારે વરસાદ વચ્ચે અનેક વિસ્તારોમાં શોર્ટ સર્કિટ થવાના બનાવો પણ બન્યા છે. વિજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે લોકોને અંધારપટમાં રહેવાની ફરજ પડી હતી. ફાયર બ્રિગેડ અને વિજ કંપનીઓની ટીમો સતત દોડતી થઇ હતી. વિજ કંપનીઓના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ભાગદોડ કરતા નજરે પડ્યા હતા જ્યારે બીજી બાજુ સાવચેતીના પગલારુપે પણ કેટલીક જગ્યાઓએ વિજ પુરવઠો બંધ કરાયો હતો. નિચાણવાળા તમામ વિસ્તારોમાં કમર સુધીના પાણી ભરાયા હતા. અનેક વિસ્તારો સંપૂર્ક વિહોણા પણ થયા હતા. વાહન ચાલકોને અન્યત્ર રુટ પર જવાની ફરજ પડી હતી.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાની સાધારણ સભામાં કોંગ્રેસે ખર્ચે ના ખુલાસા માંગતા ૨૫ કામો મંજુર કહી સભા પુરી કરી

જિલ્લા મથક પાલનપુરમાં નગરપાલિકા ની સાધારણ સભા મળી હતી પાલિકા ના પ્રમુખ અશોક ઠાકોર ,ચીફ ઓફિસર ,શાસક પક્ષ ના નેતા નીલમબેન જાની, કારોબારી ચેરમેન દશરથસિંહ સોલંકી સહિત પાલિકા ના નગર સેવકો સભા માં ઉપસ્થિત રહ્યા હતા આજની પાલિકાની સભામાં અમરતલાલા જોશી કોંગ્રેસ છોડી ભાજપ માં જોડ્યા બાદ ખાલી પડેલી વિરોધ પક્ષ ના નેતા જગ્યાએ પ્રદેશ કોંગ્રેસે વિરોધ પક્ષ નેતા તરીકે આશાબેન રાવલ ને નિમણુંક કરવામાં આવ્યા હતા..કોંગ્રેસ ના તમામ નગર સેવકો કામોના વિરોધ કર્યા હતો..ગત ૨૬ જાન્યુઆરી એ મુખ્યમંત્રી ના આગમન સમયે ગાય અને કૂતરા પકડવા માટે ૪૪ હજાર ખર્ચ કરવા આવ્યું હતું જો કે હાલમાં પાલનપુર શહેરમાં કુતરાનો ત્રાસ હોવા છતાં બે લાખ જેટલી રકમ ખર્ચ દર્શાવતા હોવા છતાં પાલિકા એ કોઈજ કામગીરી કરી નથી તેમજ ચીફ ઓફિસર પંકજ બારોટ ૧૧૦૦ રૂપિયા રોજનું ગાડી ના ડીઝલ પાછળ ખર્ચ સાથે વાર્ષિક સાડા ત્રણ લાખ જેટલું ખર્ચ કરે તેવા કોંગ્રેસ એ સવાલ ઉઠાવતા શાસક પક્ષ એ મંજુર મંજુર કરીને બહુમતી જોરે સાધારણ સભા પુરી કરી હતી જો કે વિરોધ પક્ષ ના નેતા આશાબેન રાવલ એ મીડિયા સાથેની વાતચીત માં જણાવ્યું હતું કે સાધારણ સભા માં હિસાબ ના ખર્ચ પર ચર્ચા થતા શાસક પક્ષ એ સભામાં ૨૫ કામો પર ચર્ચા કર્યા વગર બહુમતી જોર મંજુર કરી સભા પુરી કરી દીધી છે વિરોધ પક્ષ ના નેતા ના વળતો જવાબ આપતા પાલિકા પ્રમુખ અશોક ઠાકોર એ મીડિયા સાથે ની વાતચીતમાં કહ્યું હતું કે કોંગેસ ના નગર સેવકો એ પોતાના વોર્ડ વિસ્તાર ના વિકાસ ના કામોનો પણ વિરોધ કર્યો છે.

સરસ્વતી સ્કૂલ તથા પ્રેરણા સ્કૂલ ખાતે ફાયરસેફ્ટી અંતર્ગત શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. દિનેશ એ. રાઠોડ દ્વારા આ અંગે માર્ગદર્શન આપતુ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યુ હતુ. ડૉ. દિનેશ રાઠોડ દ્વારા એવોર નિર્ધાર કરવામાં આવ્યો છે કે દરેક સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેક્ટિકલ ડેમો પણ અપાયો હતો.

સિદ્ધાર્થનો મૃતદેહ... ● પહેલાનાનું ચાલુ

મેંગલોર શહેર પોલીસે માહિતી આપતા કહ્યુ હતું કે તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે વેનલોક હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો હતો. સવારે ૬-૩૦ વાગે તેમનો મૃતદેહ હોયગે બજાર નજીક પાણીમાં તરતો મળ્યો હતો. સિદ્ધાર્થ કર્ણાટકના પૂર્વ મુખ્યપ્રધાન એસએમ કૃષ્ણાના જમાઇ હતા. સિદ્ધાર્થ લાપત્તા થયા બાદ આ પત્ર હાથમાં આવ્યો હતો. આ પત્ર ૨૭મી જુલાઈના દિવસે લખવામાં આવ્યો હતો. આમા તેઓએ બોર્ડ ઓફ ડિરેક્ટર અને કોફી ડે પરિવારને કહ્યું છે કે, ૩૭ વર્ષના ગાળા બાદ પણ તે તમામ પ્રયાસો છતાં એક યોગ્ય નફો કરે તેવા બિઝનેસ મોડલને તૈયાર કરી શક્યા નથી. જે લોકોએ તેમના પર વિશ્વાસ કર્યો છે તેમને નિરાશ કર્યા છે જેથી માફી ઇચ્છે છે. તેના લેવડદેવડ છ મહિનામાં ખુબ જ ઘટી ગયા હતા. ત્રણ દિવસ પહેલા લખવામાં આવેલા પત્રમાં સિદ્ધાર્થે પોતાની તકલીફોનો ઉલ્લેખ કર્યો હતો.

પત્રમાં કંપનીને થઇ રહેલા ભારે નુકસાનની પણ વાત કરવામાં આવી હતી. જંગી દેવાની પણ વાત કરવામાં આવી હતી. સાથે સાથે આવકવેરા વિભાગના એક પૂર્વ ડીજીના દબાણની પણ ચર્ચા હતી. સિદ્ધાર્થ તરફથી લખવામાં આવેલા પત્રની વિગત સપાટી પર આવ્યા બાદ ગઈકાલે જ ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા આખરે ખુલાસો કરવામાં આવ્યો હતો.ઈન્કમ ટેક્સ વિભાગે કહ્યું હતુ કે, તમામ યોગ્ય કાયદા હેઠળ સિદ્ધાર્થ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વિભાગના સુત્રોએ કહ્યું છે હતુ કે કેફે કોફી ડેની સામે કાયદાકીય મુજબ કાર્યવાહી થઈ હતી.

શિવભક્તિમાં તરબોળ... ● છેલ્લાનાનું ચાલુ

શ્રાવણ મહીનામાં શિવજીની કૃપા દ્રષ્ટી પ્રાપ્ત કરવા માટે ભોળા શિવની ભક્તિમાં મગ્ન બને છે.પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન નગરના શિવમંદિરોમાં રોજબરોજ શિવમહીમ્મન પાઠ , સ્તુતિ વંદના , લઘુરુદ્રાભિષેક, શિવરુદ્રાભિષેક , ધુન , ભજન ,મહાઆરતી સહીતના અનેકવિધ ધાર્મક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રાવણ મહીનામાં સેકટરોના શિવાલયોને પણ વિશેષ રીતે શણગારવામાં આવે છે. શ્રાવણિયા સોમવારે શિવજીની પુજા અર્ચનાનુ વિશેષ મહત્વ હોવાથી સોમવારે ભોળાનાથના વિવિધ સ્વરૂપે ભાવિકોને દર્શન થાય તેમજ લઘુરુદ્ર, શિવમહીમ્મન સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. સોમવારે ભોળાનાથને વિશેષ શણગારથી સુશોભિત કરાશે. જયારે શિવાલયોમાં પણ રોશની અને રંગોળીનુ સુશોભન કરાશે. શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર,સે-૨૧ વૈજનાથ મહાદેવ, સે-૧૬ બ્રહ્મભવન પાસે સ્થિત સોમનાથ મહાદેવ, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ સહીતના મંદિરોમાં શ્રાવણ મહીનામાં વિશેષ પુજા અર્ચના અને ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેર નજીક સ્થિત ધોળેશ્વર મહાદેવ, કોટેશ્વર તેમજ વાસણિયા મહાદેવ મંદિર મંદિરમાં પણ શિવભકતોની દર્શન માટે ભીડ જામશે. ગાંધીનગર તેમજ અમદાવાદ સહીતના વિસ્તારમાંથી ભાવિકો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લેશે. પવિત્ર શ્રાવણ મહીનાના પ્રારંભને અનુલક્ષી શિવભક્તોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

નામ કટ્ટક ગુફાઓ હતું પણ પ્રવાસીઓને જવા માટે એક રસ્તો કોતરી કાઢ્યો હોવાથી પર્વત ખડિત થઈ ગયો છે એટલે તેનું નામ હવે ઉદયગિરિ-ખંડગિરિની ગુફાઓ પડી ગયું છે. ઓરિસ્સાના લોકો ગુફાને ગુમ્ફા કહે છે. ઉદયગિરિ ઉપર અઢાર ગુફાઓ છે. ખંડગિરિ ઉપર પંદર ગુફાઓ છે.કેટલીક પુરાણી અને ફૂદરતી ગુફાઓ છે તો કેટલીક કારીગરોએ કોતરી કાઢેલી છે. પર્વતોમાં ગુફાઓ કોતરાવાનું કાર્ય મૌર્ય શાસન દરમ્યાન શરૂ થયું હતું. આ સ્થાનનું પુરાતાત્વિક, ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ છે. પણ અત્યારે ભુવનેશ્વર શહેરના લોકો માટે આ એક પીકનીક સ્થળ બની ગયું છે.

સવારના વહેલા જાગીને નીકળેલા પ્રવાસીઓ હવે બરાબરના થાક્યા હતા. કેટલાક તો ભૂખ્યા પણ થયા હશે. એમાં આવું ચઢાણ કરવાનું આવ્યું, પાછું કોઇ દેવદેવતાનું દર્શન પણ નહીં. એટલે મોટાભાગના પ્રવાસીઓએ બસ સ્સ્ટેંડ પાસેજ આરામ કરવાનું મુનાસિબ માન્યું. હું અને દીપકભાઈ સોની જવા તૈયાર હતા. અમે ત્યાંથી એક છકડામાં બેસી ગુફા પાસે ગયા. ટિકિટ લઈ ટેકરી ચડવા લાગ્યા. નીચેથી જ ઘણી ગુફાઓ દેખાતી હતી. અડધે જતાં એક આખો ગુફાઓનો સમુહ નજરે ચડ્યો. અમે સીધા રસ્તે ચાલીને જેટલી જોવાય એટલી ગુફાઓ જોઇ હતી. કોઇ ગુફામાં અંદર પ્રવેશ્યા ન હતી. એટલે આજુબાજુમાં આવેલી ઘણી ગુફાઓ અમે કાં તો જોઇ જ નહીં હોય અથવા દૂરથી નિહાળી હશે. એને દૂરદર્શન કહેવાય ? આમ કરવાથી ગુફાઓની અંદર એ જમાનાના કારીગરોએ શી કારીગીરી છે તે અમે જાણી શક્યા નહીં. વળી દરેક ગુફાની આગળ તેના નામના બોર્ડ પણ લગાવેલા હતા.. આ બોર્ડ પણ ખાસ અમારું ધ્યાન ખેંચી શક્યા નહીં. કેવળ ગણેશ ગુફા આગળ બે મોટા હાથી બનાવેલા હતા એ યાદ રહી ગયું છે. ત્યાં ગણેશ ગુફા નામનું બોર્ડ હતું પણ સ્મૃતિમાં જડાઈ ગયું છે. આ લેખ લખતાં મને ભાન થાય છે કે અમે ઘણું બધું ચૂકી ગયા છીએ. ગુગલ પર જોતાં અહીં બે માળની રાની ગુફા છે. એક વાઘના મોંઢા આકારની વાઘ ગુફા છે એવું બધું અમે ધ્યાનથી જોવાનું રહી ગયું છે. વળી મનમાં એક આશ્વાસન એવું પણ પ્રગટે છે કે પેલા બસસ્ટેંડે બેસી રહેલા અમારા સાથીઓ કરતા તો ઘણું બધું પામી શકાયું છે.

અમે ઉદયગિરિની ગુફાઓ જ જોઇ હતી. સામે આવેલી ટેકરીનું નામ ખંડગિરિ છે તેના મથાળે સુંદર જૈન મંદિર બનાવાયેલ છે. ત્યાં અમે ગયા ન હતા.જૂના જમાનામાં આ સ્થળ વસતીથી ખાસ્સું દૂર હશે અને જૈન સાધુઓ તેમની સાધના- પ્રાર્થના અહીં કરતા હશે. આવું ધાર્મિક સ્થળ આજે પ્રેમીજનો માટે ઉત્તમ મિલનસ્થળ બની ગયું છે એ પણ કાળદેવતાની કમાલ જ કહેવાય ને ?

આજથી દશામાના વ્રતનો આરંભ

ડીસા સહિત જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી દુ:ખડા હરનારી માં દશામાના વ્રતનો મહિમા વધી પડ્યો છે ખાસ કરીને ગામડાની મહિલાઓ આ વ્રતને લઈ ઉત્સાહી બની જાય છે અને દિવાસાનો પાવન દિવસ નજીક આવતા સુધી ઘરની સફાઈ કરી વ્રતની રાહ જુએ છે હવે આ વખતે તીથીની વધઘટને લઈ સર્જાયેલા વિવાદ વચ્ચે આજે ગુરુવારથી દશામાંના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે તેથી વ્રત ઘેલી મહિલાઓ માતાજીની મૂર્તિ અને પૂજાપો ખરીદવા ઉમટી પડી હતી તેથી લાંબા વિરામ બાદ બજારોમાં રોનક જોવા મળી હતી સરકારે પ્રતિબન્ધ મુક્યો હોવાછતાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ પણ વેચાતી જોવા મળી હતી.

જો કે છેલ્લા બે વર્ષથી અપૂરતા વરસાદના કારણે મૂર્તિ વિસર્જનમાં તકલીફ બાદ પણ મૂર્તિઓની અવદશા નિહાળી મહિલાઓ સ્વેચ્છાએ માટીની મૂર્તિઓ ખરીદવાનો આગ્રહ કરતી હતી તેમજ ભાવમાં ૧૦ ટકાનો વધારો થવા છતાં તેની પરવા કર્યા વગર મહિલાઓએ હોંશભેર મૂર્તિઓ ખરીદી હતી તેથી બજારોમાં મૂર્તિઓ ખરીદવા છેલ્લી ઘડીનો ઘસારો જોવા મળ્યો હતો હવે આજે સવારે શુભ મૂહુર્ત મૂર્તિની ઘરે વિધિવત પાટ સ્થાપના સાથે વ્રતનો પ્રારંભ થશે વ્રતધારી મહિલાઓ દશ દિવસ સુધી ઉપવાસ રાખી માની પૂજા અર્ચના કરશે આ સાથે શ્રાવણીયા તહેવારોની હારમાળા પણ શરૂ થશે.વ્રતને લઈ દશમાના મંદિરો રોશનીથી શણગારવામાં આવ્યા છે પરંતુ સતત બીજા વર્ષે ઓછો વરસાદ થયો છે તેથી આમપ્રજાના જીવ તળીયે ચોંટેલા છે ત્યારે વ્રત દરમ્યાન ભરપૂર વરસાદ થાય અને તળાવો નદી છલકાઈ ઉઠે તેવી માઇ ભક્તોની લાગણી છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી... ● ત્રીજા પાનાનું ચાલુ

એવો છે જેણે શિક્ષણ માટે ઉપગ્રહ તરતો મુક્યો છે.''

આજના કાર્યક્રમમાં શ્રોતાઓને પ્રભાવિત કરતા વક્તવ્યમાં મુકુલ કાનિટકરે કહ્યું હતું કે ''અનાદિકાળથી આ રાષ્ટ્ર વિશ્વને માર્ગદર્શન કરતું આવ્યું છે તેથી અહીં પહેલુ બાળ વિશ્વ વિદ્યાલય સ્થપાય તે આશ્ચર્યની વાત નથી.'' આજની શિક્ષણ પદ્ધતિ માત્ર ''કોપી પેસ્ટ'' આધારિત પદ્ધતિ હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે ''ચિલ્ડ્રન યુનિવર્સિટી તમામ યુનિવર્સિટીની માર્ગદર્શક હોવી જોઈએ અને મનુષ્યને મનુષ્ય સમજે તેવી શિક્ષાને જ શિક્ષણ કહેવાય. ભારતીય શિક્ષણ પદ્ધતિ ત્યાગ ભાવનાને ઉન્નત કરતી હતી જ્યારે આજની શિક્ષણ પદ્ધતિ તર્કનો વિકાસ કરે છે પરંતુ હૃદયનો વિકાસ કરતી નથી.'' આ સાથે તેમણે ટ્યુશન પદ્ધતિને ''ઠૂસણ'' પદ્ધતિ કહેતા કહ્યું હતું કે ''સાંજના સમયે બાળકને રમતગમતના મેદાન સિવાય ક્યાંય પણ મુકવું તે અપરાધ છે'' આ સાથે તેમણે આગામી સમયમાં ''ગ્લોબલ યુનિવર્સિટી રેકિંગ યુટિલિટી'' એટલે કે ''ગુરૂ રેન્કિંગ'' દ્વારા ભારતીય મૂલ્યો આધારિત વૈશ્વિક કક્ષાએ યુનિવર્સિટીઓનું રેન્કિંગ કરાશે તેવી માહિતી આપી હતી.

અંબાજીના યોગેશ્વર નગર સોસાયટીમાં નિવૃત્ત ફોરેસ્ટ કર્મચારીના ઘરે તસ્કરો ત્રાટકયા

યાત્રાધામ અંબાજીમાં ચોર ઈસમો બેફામ બન્યા હોવાનું સામે આવ્યું છે નિવૃત્ત ફોરેસ્ટ કર્મચારી પોતાની દિકરીના ઘરે ગાંધીનગર ગયા તો બંધ મકાનનું તાળું તોડી રૂપિયા સાડા છ લાખથી વધુ રકમની ચોરી થઈ ગઈ હતી. ચોરીની ઘટનાને પગલે સમગ્ર પંથકના રહીશો ચોર સામે લાચારીની સ્થિતિ અનુભવી રહ્યા છે.

અંબાજીની યોગેશ્વનગર સોસાયટીમાં રહેતા ગિરધારીસિંહ બારડ સોમવારે ગાંધીનગર ગયા હતા. આ દરમ્યાન બંધ મકાનનો લાભ લઈ તસ્કરો તાળાનો નકુચો તોડી ઘરમાં ઘૂસી ગયા હતા. જેમાં ઘરનો સામાન વેરવિખેર કરી સરેરાશ ૬લાખ ૬ ૨હજારની ચોરી કરી ગયા હતા. જોકે આ બાબતની જાણ ગીરધરસિંહ બારડને થતાં તેવો અંબાજી દોડી આવ્યા હતા.

સમગ્ર મામલે અંબાજી પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચી વિગતો મેળવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એસ કે ચૌધરીએ જણાવ્યું હતું કે, તસ્કરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. ગીરધરસિંહ બારડના મકાનમાંથી ૧૫ તોલા સોનું , દોઢ કિલો ચાંદી સહિત ૧.૨૭ લાખ રોકડ રકમની ચોરી થઈ છે. જોકે મકાનમાલિકે સંપૂર્ણપણે તપાસ કર્યા પછી જ કુલ ચોરી કેટલી રકમની થઈ છે તેવું જણાવ્યું હતું . ડોગ સ્કોડ, એફ એસ એલ ની મદદ લેવાઈ હતી અને વધુ તપાસ ડી વાય એસ પી ચલાવી રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, અંબાજી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી તસ્કરો વિવિધ વિસ્તારોમાં ચોરી કરવાને અંજામ આપી રહ્યા છે. આથી પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારી સુરક્ષા જડબેસલાક કરવામાં આવે તેવી લોકમાંગ ઉભી થઈ રહી છે.

જાહેર નિવિદા

આઉટ સોર્સીંગથી પટાવાળા / સ્વીપર / ડ્રાઈવર / વોચમેન / માળી / લીફ્ટમેન / પાણીવાળાની કચેરી વ્યવસ્થાપન સુવિધા મેળવવા માટે

૧) તા. ૩૧-૮-૨૦૧૯ના રોજ કોન્ટ્રાક્ટની મુદત પુરી થતી હોઈ તેમજ વધારાની કચેરીની જરૂરિયાત ધ્યાને લેતા જિલ્લા અદાલત, અરવલ્લી ખાતે તથા તાબાની કોર્ટો માટે ૦૧-ડ્રાઈવર, ૦૩-લીફ્ટમેન, ૩૧-પટાવાળા, ૧૯-વોચમેન એમ કુલ ૫૪ (ચોપ્પન) જગ્યાઓ માટેની (ભવિષ્યમાં કોર્ટોની સંખ્યા વધઘટ થયેથી ફેરફારને આધીન) આઉટ સોર્સીંગથી સુવિધા મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી પૂર્વ લાયકાત (ટેકનીકલ બીડ) અને ભાવપત્રક (ફાઈનાન્શિયલ બીડ)ના ટેન્ડરના ફોર્મની સાથે અલગ અલગ મંગાવવામાં આવે છે.

૨) તા. ૩૧-૮-૨૦૧૯ના રોજ કોન્ટ્રાક્ટની મુદત પુરી થતી હોઈ તેમજ વધારાની કચેરીની જરૂરિયાત ધ્યાને લેતા જિલ્લા અદાલત, અરવલ્લી તથા તાબાની કોર્ટો માટે ૦૮-પાણીવાળા, ૫૦-સ્વીપર, ૦૭-માળી એમ કુલ ૬૫ (પાંસઠ) જગ્યાઓ માટેની (ભવિષ્યમાં કોર્ટોની સંખ્યા વધઘટ થયેથી ફેરફારને આધીન) આઉટ સોર્સીંગથી સુવિધા મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી પૂર્વ લાયકાત (ટેકનીકલ બીડ) અને ભાવપત્રક (ફાઈનાન્શિયલ બીડ)ના ટેન્ડરના ફોર્મની સાથે અલગ અલગ મંગાવવામાં આવે છે. વધુમાં હાલમાં કોન્ટ્રાક્ટની મુદત તા. ૩૧-૭-૨૦૧૭ના રોજ પુરી થતી હોઈ તેના પણ અલગથી બીડ મંગાવવામાં આવે છે.

કોરા બંને ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦થી સાંજે ૫.૩૦ વાગ્યા વચ્ચે તા. ૧-૮-૨૦૧૯થી જિલ્લા અદાલત, ન્યાય મંદિર, અરવલ્લી-મોડાસા ખાતેથી અરજી સાથે 'એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ, અરવલ્લી' નામનો રૂ. ૧,૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહિ ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

ઈચ્છા ધરાવતી એજન્સી કચેરીની મુલાકાત લઈ, સ્થાનિક સ્થળ - પરિસ્થિતિની જાણ, કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ તેમજ ટેન્ડર સાથે જોડવાની વિગત, ઈ.એમ.ડી. તથા ફોર્મ વિગેરેથી માહિતગાર થઈ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ જિલ્લા અદાલત, 'ન્યાય મંદિર', અરવલ્લીને તા. ૧૪-૮-૨૦૧૯ના રોજ સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. જે એજન્સીએ પૂર્વ લાયકાત (ટેકનીકલ બીડ) તથા ભાવપત્રક (ફાઈનાન્શિયલ બીડ)ના અલગ - અલગ કવર કરેલ નહી હોય તેઓનું ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે તેમજ કોર્ટના કામના અનુભવોને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

ટેકનીકલ બીડ તા. ૧૯-૮-૨૦૧૯ના રોજ સાંજના ૪.૦૦ કલાકે ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અરવલ્લી ખાતે ખોલવામાં આવશે તેમજ ફાઈનાન્શિયલ બીડ તા. ૨૧-૮-૨૦૧૯ના સાંજના ૪.૦૦ કલાકે ડીસ્ટ્રીક્ટ કોર્ટ, અરવલ્લી ખાતે ખોલવામાં આવશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

તા. ૩૦-૭-૨૦૧૯

(આર. એ. ભુખારી - ઘોઘારી)
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
અરવલ્લી-મોડાસા

કચેરીનું સરનામું : 'ન્યાય મંદિર', જિલ્લા સેવા સદનની સામે, મોડાસા-શામળાજી હાઈ-વે, ગણેશપુરા, મોડાસા-૩૮૩૩૧૫.

નામાનિ/હિંમત/૧૬૭/૧૯